# નવરાત્રમાં કરેલ સાધનાની અસર દૈનિક જીવનમાં દેખાવી જોઈએ

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**



સવાલ કોઈ તહેવાર ઉજવવા કે નહીં ઉજવવાનો નથી પરંતુ એ સમજવાનું છે કે આપણી શ્રદ્ધા આપણને કઈ દિશામાં લઈ જઈ રહી છે. જો કોઈ ધાર્મિક અવસર આપણને પ્રેમ, ત્યાગ, સંયમ, કર્તવ્યનિષ્ઠા અને ઈશ્વરસ્મરણ તરફ પ્રેરિત કરે તો તેનો વાસ્તવિક લાભ આપણા જીવનમાં દેખાવો જોઈએ પરંતુ જો આપણે બાહ્ય આયોજનમાં અટવાયેલા રહીએ અને આત્મચિંતન માટે સમય નહીં ફાળવી શકીએ તો આપણે આપણી પ્રાથમિકતાઓ પર પુનઃ વિચાર અવશ્ય કરવો જોઈએ. આ સિદ્ધાંત માત્ર નવરાત્રના નવ દિવસો પૂરતો સીમિત નથી પરંતુ આપણા સંપૂર્ણ જીવન પર અસર પાડનારો હોવો જોઈએ. નવરાત્ર માત્ર બાહ્ય ઉત્સવ નથી પરંતુ આપણી અંદર જાગૃતિ લાવવાનો દિવ્ય અવસર છે. મા દુર્ગાનું મહિષાસુર મર્દિની સ્વરૂપ આપણને એ સંદેશ આપે છે કે જે રીતે મા ભગવતીએ મહિષાસુરનું મર્દન કર્યું એ રીતે આપણે પણ આપણા અંતઃકરણમાં છુપાયેલ આસુરી વૃત્તિ, પ્રવૃત્તિઓનો નાશ કરવો જોઈએ. આપણી અંદર અહંકાર, ઈર્ષા, દ્વેષ, ક્રોધ લોભ જેવા અનેક મહિષાસુર રહેલા છે.ભગવતીની આરાધનાનો વાસ્તવિક ઉદ્દેશ આ વિકારો પર વિજય પ્રાપ્ત કરવાનો છે. આપણે પૂજા- પાઠ એટલા માટે નથી કરતા કે આપણે બિલકુલ દોષમુક્ત છીએ પરંતુ એટલા માટે કરીએ છીએ કે આપણામાં રહેલા દોષોને ઓળખીને તેને દૂર કરી શકીએ. સાચી સાધના, ઉપાસના એ છે જે બાહ્ય આડંબરથી આગળ વધી આપણામાં પરિવર્તન લાવે. માના ચરણોમાં માથું નમાવવાનો સાર ત્યારે જ સિદ્ધ થાય જ્યારે આપણામાંનો અહંકાર ઝુકે, કડવાશ દૂર થાય અને આપણા આચરણમાં કરુણા, પ્રેમ અને વિનમ્રતા આવે. નવરાત્રમાં માત્ર ગરબા ગાવા કે મંડપમાં માના દર્શન કરવા પૂરતું નથી પરંતુ આપણી અંદર રહેલા આસુરી ભાવોને ઓળખીને તેનું મર્દન કરીએ એ જ મા ભગવતીની સાચી આરાધના છે અને નવરાત્રની સાધનાનો એ જ વાસ્તવિક ઉદ્દેશ છે. મા ભગવતીના હાથોમાં રહેલ ખડગ, ત્રિશૂલ અને તલવાર જેવાં અસ્ત્ર- શસ્ત્ર એ માત્ર દર્શનનાં પ્રતીક નથી પરંતુ આસુરી પ્રવૃત્તિઓના વિનાશનું પ્રતીક છે. મહિષાસુરનો વધ આપણને એ સંદેશ આપે છે કે જીવનમાં અધર્મ, અહંકાર અને વિકારોનો અંત લાવવો જરૂરી છે.

આપણે દર વર્ષે કહીએ છીએ કે, વિજયાદશમી એ બૂરાઈ પર અચ્છાઈનો વિજય છે અને રાવણનું દહન કરવામાં આવે છે પરંતુ ક્યારેય ખુદને પૂછ્યું છે કે આપણામાં અચ્છાઈ શું છે? અને બૂરાઈ શું છે? આપણી અંદર રહેલો રાવણ કેટલો બળ્યો છે. ક્રોધ, અહંકાર, ઈર્ષા વગેરે કેટલાં દૂર થયાં છે? રાવણમાં અનેક ગુણ હતા. તે મહાપંડિત હતો, પરમ જ્ઞાની હતો પરંતુ અહંકાર અને અનુચિત આચરણ તેના પતનનો માર્ગ બન્યાં. આપણે પણ બીજાના દોષો જોવામાં તત્પર રહીએ છીએ પરંતુ આપણા દોષો માટે એટલા સજાગ કેમ નથી? આપણે બહાર રાવણના પૂતળાનું દહન થતું જોઈ ખુશ થઈએ છીએ પરંતુ આપણી અંદર રહેલા રાવણને ઓળખવાનો પ્રયાસ કરતા નથી. નવરાત્રમાં કેટલી પૂજા ,ભક્તિ કરી તેની નોંધ કરવા કરતાં કેટલા વિકારો પર વિજય મેળવ્યો તે આત્મનિરીક્ષણ કરવું જરૂરી છે. સાધના માત્ર કર્મકાંડ નથી પરંતુ ખુદને બદલવાની પ્રક્રિયા છે. સાચું અનુષ્ઠાન એ છે જે આપણી અંદર જાગૃતિ લાવે અને દોષો પ્રત્યે પ્રામાણિક બનાવે. મા જગદંબાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરતી વખતે આપણને તેમના ચહેરા પર અલૌકિક આભા દેખાય છે પરંતુ સંપૂર્ણ સ્વરૂપના દર્શન કરીએ ત્યારે આસુરી શક્તિઓના સંહારનું દ્રશ્ય પણ નજરમાં આવે. તેની પાછળ ઊંડો સંદેશ છુપાયેલો છે. દિવ્યતાની પ્રાપ્તિ માટે આસુરી પ્રવૃત્તિઓનું દમન અનિવાર્ય છે.



> **મા ભગવતીના હાથોમાં રહેલ ખડગ, ત્રિશૂલ અને તલવાર જેવાં અસ્ત્ર- શસ્ત્ર એ માત્ર દર્શનનાં પ્રતીક નથી પરંતુ આસુરી પ્રવૃત્તિઓના વિનાશનું પ્રતીક છે**

આપણે પણ માની આરાધના એટલા માટે કરીએ છીએ કે આપણી અંદર રહેલી આસુરી વૃત્તિ- પ્રવૃત્તિઓનો નાશ થાય અને સદગુણોનો વિકાસ થાય. કોઈ વ્યક્તિ રાવણ બનવા ઈચ્છતો નથી, દરેક વ્યક્તિ પોતાના જીવનમાં શુદ્ધતા, સન્માન અને સદભાવ ઈચ્છે છે. કોઈ પોતાનો સ્વભાવ સુધારવા પ્રયાસ કરે છે પરંતુ વાસ્તવિક પરિવર્તન ત્યારે જ આવે જ્યારે સુધારાની શરૂઆત આપણી અંદરથી અંતઃકરણથી થાય. નવરાત્રનો સાર એ જ કે આપણી અંદર રહેલા મહિસાસુર અને રાવણને ઓળખીએ અને નવરાત્રમાં કરેલી સાધના આપણા જીવનના દરેક દિવસમાં દેખાય. રાવણ માત્ર મેદાનમાં નહીં આપણા અંતઃકરણમાં પણ બળે અને મા દુર્ગાની આરાધના આપણી અંદર સદગુણો, સંયમ, કરુણા અને વિવેક જાગૃત કરે.

‘ઈદં ન મમ.’

# તક આપે છે

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**



ઈશ્વરની ઈચ્છા વિના એક પાંદડુંય હાલતું નથી એમ કહીએ છીએ ત્યારે સર્વ વ્યાપક પરમાત્માની સર્વાધિક સત્તાનો સ્વાભાવિકપણે જ આયાસે- અનાયાસે જ સ્વીકાર કરીએ છીએ. સ્વીકાર થઇ જાય છે. એ સ્વીકૃતિને આધારે આપણે જીવનના સહજ સ્વાભાવિક વ્યવહારમાં જે કાર્ય કરીએ છીએ, જે પગલું ભરીએ છીએ તેના ભીતરની અલૌકિકતા, અનિવાર્યતા, સ્વાભાવિકતા, સહજતા અને સરળતા પ્રગટે છે તે અનોખો આનંદ લઈને આવે છે. એ આનંદ અંગત અને સમષ્ટિગત પણ હોય છે. એથી યે વિશેષ કોઈકના જીવનના અભાવોની પરિપૂર્તિ થઇ જાય છે ત્યારે ઈશ્વરીય સત્તા, માનવીય ભાવના અને પેલા અભાવોમાં જે સભરતા આપોઆપ નિખરી આવે છે ત્યારે જીવનની ગતિવિધિ, ઈશ્વરીય ઈચ્છા અને આનંદના ત્રિભેટે આવી ઊભા રહી જઈએ છીએ. સમય, અલૌકિકતા અને ઈશ્વરીય ઈચ્છા, કૃપા અને સત્તા ભીતરને ચારેકોરથી ઘેરી લે છે. એટલું જ નહીં એમાંથી જે અર્થચ્છાયાઓ નિષ્પન્ન થાય છે તે અલૌકિક અગોચરના ઊંડાણમાં લઈ જાય છે. દિવ્ય વમળોમાં ડુબાડી દે છે.

આ સંદર્ભમાં મારો અંગત અનુભવ અત્રે રજૂ કરવાનો મારો ઉપક્રમ છે. ઘરમાં પસ્તી અને કેટલીક બિનજરૂરી વસ્તુઓ ભંગારમાં આપવા વિચારતો હતો. ઉપરાંત ગેસનો એક ચૂલો પણ ફાજલ પડયો હતો જેને અડધી કિંમતે કોઈકને આપી દેવા ઈચ્છતો હતો. ચૂલો ખાસ વપરાયેલો નહોતો છતાં કેટલાક કહેતા હતા કે આનું કંઇ નહીં ઉપજે એ ભંગારમાં જ જશે. આમ તો શેરીમાં રોજ અનેક ભંગારવાળા બૂમો પાડતા હતા પણ ત્યારે હું મારા કોઈને કોઇ કાર્યમાં વ્યસ્ત હોવાથી ભંગારવાળાને બોલાવી શકતો નહોતો.

એક દિવસ એક ભંગારવાળાનો અવાજ સાંભળ્યો અને મને અંદરથી એને બોલાવવાની ઈચ્છા થઇ. મેં બારીમાંથી બૂમ પાડી એને ઉપર આવવા કહ્યું. મેં પસ્તી, બિનજરૂરી વસ્તુઓ અને કેટલાંક મોટાં પ્લાસ્ટિક અને અનાજના કોથળા હતા તે આપી દીધા. અચાનક મને થયું કે લાવ, એને ચૂલાની વાત કરી જોઉં. મેં એને ચૂલો બતાવ્યો. એણે જોયો. મને કહે ‘‘મારે ચૂલાની જરૂર છે જ’’ પહેલાં તો કિંમતની વાત થઈ મને કહે ‘‘મારે મારી પત્નીને પૂછવું પડે’’. મેં કહ્યું ‘પૂછી લો ને ફોનથી.’’ મને કહે, ‘‘એની પાસે ફોન નથી. હું કાલે એને પૂછીને લઈ જઈશ.’’ અચાનક મારા હૃદયમાંથી ઉદ્ભવ્યું ને કહ્યું, ‘‘જાવ લઈ જાવ. મારે કિંમત નથી જોઈતી.’’ એની આંખો ભીની થઈ ગઈ. એ બધી વસ્તુઓ લેતો હતો. પ્લાસ્ટિક અને કોથળા જોઈ મને કહે, ‘‘આ પ્લાસ્ટિક ઘરમાં બાંધવા, પાથરવા ચાલશે.’’ તે હોંશે હોંશે ચૂલો એક કોથળામાં મૂકીને ગદગદ થઈ ચાલ્યો ગયો. મને આશીર્વાદ આપ્યા.

આ ઘટના મારા મનમાં વિચારોનાં અનેક વમળો પેદા કરી ગઈ. ઈશ્વરની અલૌકિક ઈચ્છાનો અહેસાસ મારા સમસ્ત અસ્તિત્વમાં ફરી વળ્યો. કોઈને કદાચ પ્રશ્ન થાય કે આમાં ઈશ્વરની ઈચ્છા ક્યાં આવી? હા, આમાં સંપૂર્ણપણે ઈશ્વરની ઈચ્છાનું જ પ્રવર્તન થયું. એટલું જ નહીં ઈશ્વર તક આપે છે. એ તક ઝડપી લેવાય તો કોઈકનાં આંસુ લૂંછી શકાય. માનવતાની મહેક પ્રસરાવી શકાય. ઈશ્વર જ તકનું સર્જન કરે છે. એમ હું સ્પષ્ટપણે સમજ્યો અને અનુભવ કર્યો.

પેલા ભંગારવાળાને ગેસની ચૂલાની જરૂર હતી એ ખરીદવાની એની ત્રેવડ હશે કે નહીં તેની ખબર નથી. મારે ગેસનો વધારાનો ચૂલો કોઈકને આપવો હતો. મારા મનમાં ઊંડે ઊંડે એક જ વિચાર હતો કે કોઈ જરૂરરિયાતમંદને આપી દઉં તો એને કામ લાગે.

> **ઇશ્વર તક આપે છે. એ તક ઝડપી લેવાય તો કોઇકનાં આંસુ લૂંછી શકાય. માનવતાની મહેક પ્રસરાવી શકાય. ઇશ્વર જ તકનું સર્જન કરે છે**

મનના આ ભાવો ઈશ્વર સુધી પહોંચ્યા. એક યોગાનુયોગ સર્જાયો. પેલા ભંગારવાળાની જરૂરિયાત એ અંતર્યામીને ખબર હતી એટલે આ બંને તકનો સમન્વય કરીને ઈશ્વરે મને આ જ ભંગારવાળાને બોલાવવાની પ્રેરણા આપી. એટલું જ નહીં ચૂલાની વાત કરવાની પણ પ્રેરણા આપી અને પેલાનું કામ થઇ ગયું. વળી પ્લાસ્ટિક અને કોથળા એના ઘરની છત બનવા ઉપયોગી બન્યાં તેનો વિચાર મારા મનમાં ફરી વળ્યો અને મને એનો એટલો બધો આનંદ થયો કે ન પૂછો વાત. મારું આખું અસ્તિતત્વ હળવું થઇ ગયું. ચોક્કસ જરૂરિયાતવાળાને ચૂલો અનાયાસ આપી શકાયો તેનું મને અચરજ અને આનંદ થયો. ઈશ્વરે મને જે તક આપી તે બદલ હું તેનો નતમસ્તક વિનમ્ર ભાવે આભાર માનું છું અને આવી તક અને પ્રેરણા આપતો રહે તેવી પ્રાર્થના કરું છું.